# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-01-2025** **Evening: 7.50 TO 8.00**
**Day :FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સિતારમણ આવતીકાલે લોકસભામાં વર્ષ 2025-26નું અંદાજપત્ર રજૂ કરશે

2) લોકસભામાં આજે રજૂ કરાયેલા આર્થિક સર્વેક્ષણમાં નાણાકીય વર્ષ 2025માં GDPમાં 6.4 ટકાના દરે વૃદ્ધિનું અનુમાન

3) મહાકુંભ ઘટનાના કારણોની તપાસ માટે રચાયેલા ન્યાયિક પંચે આજે ઘટનાના કારણો અને સંજોગોની તપાસ કરી

4) ICC અંડર-19 મહિલા T20 ક્રિકેટ વિશ્વકપમાં, બીજી સેમિફાઇનલમાં ઇંગ્લેન્ડને 9 વિકેટથી હરાવીને ભારત ફાઇનલમાં પહોંચ્યું

5) ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની શ્રેણીનો ચોથી મેચમાં ઇંગ્લેન્ડ સામે ભારતનો નબળો પ્રારંભ

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ECONOMIC SURVEY

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સિતારમણ આવતીકાલે સવારે અગિયાર વાગે લોકસભામાં નાણાકીય વર્ષ 2025-26નું અંદાજપત્ર રજૂ કરશે. 2024માં ભાજપનાં અગેવાની હેઠળની બીજી સરકારમાં આ બીજું અંદાજપત્ર છે.

દરમિયાન સુશ્રી સિતારમણે આજે સંસદના બંને ગૃહોમાં આર્થિક સર્વેક્ષણમાં રજૂ કર્યું હતું જે મુજબ નાણાકીય વર્ષ 2025માં ભારતના વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદન-GDPમાં 6.4 ટકાના દરે વૃદ્ધિ થવાનું અનુમાન છે અને નાણાકીય વર્ષ 2026માં આ વૃદ્ધિ 6.3 થી 6.8 ટકા વચ્ચે રહેવાની શક્યતા છે. આર્થિક સર્વેક્ષણમાં ભાર મૂકવામાં આવ્યો છે કે ઘરેલુ અર્થવ્યવસ્થાનો પાયો મજબૂત થયો છે. જેમાં સંતુલિત રાજકોષીય એકત્રીકરણ અને સ્થિર ખાનગી વપરાશનો સમાવેશ થાય છે.

સર્વેમાં જણાવાયું છે શાકભાજીના ભાવમાં મોસમી ઘટાડો અને ખરીફ પાકના આગમન સાથે નાણાકીય વર્ષ 2025ના ચોથા ક્વાર્ટરમાં ખાદ્ય ફુગાવો ઓછો થવાની સંભાવના છે. રોજગાર અંગે જણાવાયું છે કે 15 વર્ષ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિઓ માટે બેરોજગારી દર વર્ષ 2017-18માં 6 ટકાથી ઘટીને 2023-24માં 3.2 ટકા થયો છે.

# CEA-ECO SURVEY

મુખ્ય આર્થિક સલાહકાર ડૉ. વી. અનંત નાગેશ્વરને કહ્યું છે કે કૃષિ ભવિષ્યનું ક્ષેત્ર છે, કારણ કે GDP વૃદ્ધિમાં કૃષિના યોગદાનને 0.75 ટકાથી એક ટકા સુધી વધારવા માટે પૂરતો અવકાશ છે. સંસદમાં આર્થિક સર્વેક્ષણ રજૂ થયા બાદ નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા શ્રી નાગેશ્વરને કહ્યું કે સૂક્ષ્મ સિંચાઈ હેઠળનો વિસ્તાર ત્રણ ગણો વધ્યો છે. તેમણે કહ્યું કે, ટેલિકોમ અને પાવર ક્ષેત્રની ક્ષમતામાં પણ વિસ્તરણ થયું છે. તેમણે ઉલ્લેખ કર્યો કે નવા આયાત પ્રતિબંધોથી પ્રભાવિત વેપારનું મૂલ્ય 2014-2015માં 170 બિલિયન ડોલરથી વધીને આજે 1.3 ટ્રિલિયન ડોલરથી વધુ થઈ ગયું છે, જે વૈશ્વિક વેપારમાં વ્યૂહાત્મક સ્પર્ધા તરફના પરિવર્તનને પ્રકાશિત કરે છે.

શ્રી નાગેશ્વરને જણાવ્યું કે ભારત વૈશ્વિક સેવાઓમાં પણ એક શક્તિ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે વૈશ્વિકીકરણને ભૂતકાળની વાત ગણાવી કારણ કે રાષ્ટ્રો સ્થાનિક પ્રાથમિકતાઓ તરફ પુનઃપ્રાપ્તિ કરે છે. તેમણે કહ્યું કે 2047 સુધીમાં વિકસિત અર્થવ્યવસ્થાનો દરજ્જો હાંસલ કરવા માટે સામાજિક રીતે જવાબદાર ખાનગી ક્ષેત્રની જરૂર પડશે.

# PRESIDENT ADDRESS

સંસદના અંદાજપત્ર સંત્રનો આજે સવારે અગિયાર વાગે રાષ્ટ્રપતિના અભિભાષણ સાથે આરંભ થયો. રાષ્ટ્રપતિએ સંસદ ભવનમાં લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધિત કરી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંબોધનમાં કહ્યું કે તેમની સરકાર દેશના વિકાસ અને લોકોના કલ્યાણ માટે અભૂતપૂર્વ ગતિએ કામ કરી રહી છે. સરકારની વિવિધ યોજનાઓ પર પ્રકાશ પાડતા સુશ્રી મુર્મુએ કહ્યું કે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો વિસ્તાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

**બાઇટ: દ્રૌપદી મુર્મુ – રાષ્ટ્રપતિ(PRESIDENT-AWAS)**

# PM PREZ ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું આજે સંસદના બંને ગૃહોને સંબોધન વિકસિત ભારતના નિર્માણ તરફના ભારતના પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિ મુર્મુએ સર્વાંગી અને ભવિષ્યના વિકાસના મહત્વ પર ભાર મૂક્યો, તમામ ક્ષેત્રોમાં કરાયેલી પહેલ પર પ્રકાશ પાડ્યો. શ્રી મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિનું ભાષણ એવા ભારતના વિઝનને સ્પષ્ટ કરે છે જ્યાં યુવાનોને વિકાસની શ્રેષ્ઠ તકો મળે. શ્રી મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિના સંબોધનમાં એકતા અને દૃઢ નિશ્ચયની ભાવના સાથે નિર્ધારિત લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે જરૂરી રોડમેપ પણ સામેલ છે.

# RASHTRAPATI BHAWAN - PREZ ADDRESS

રાષ્ટ્રપતિ ભવને સ્પષ્ટતા કરી છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સંસદમાં તેમના સંબોધન દરમિયાન કોઈપણ સમયે થાકેલા નહોતા. એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસ પક્ષના કેટલાક અગ્રણી નેતાઓની ટિપ્પણીઓએ ઉચ્ચ પદની ગરિમાને ઠેસ પહોંચાડી છે અને તે અસ્વીકાર્ય છે. તેમાં ઉમેર્યું હતું કે આવી ટિપ્પણીઓ દુર્ભાગ્યપૂર્ણ અને સંપૂર્ણપણે ટાળી શકાય તેવી છે.

રાષ્ટ્રપતિ ભવને કહ્યું કે રાષ્ટ્રપતિ મુર્મુ માને છે કે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો, મહિલાઓ અને ખેડૂતો માટે બોલવું ક્યારેય કંટાળાજનક ન હોઈ શકે. કોંગ્રેસના નેતાઓ કદાચ હિન્દી જેવી ભારતીય ભાષાઓમાં રૂઢિપ્રયોગ અને પ્રવચનથી પરિચિત નથી એટલે જ તેઓએ આવી ટીપ્પણી કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટેઅમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BJP-SONIA REMARKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતાઓએ ભૂતપૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ પર કરેલી ટિપ્પણીની નિંદા કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું

**(બાઈટ :નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)**

દરમ્યાન બારડોલીના ભાજપના સાંસદ પ્રભુ વસાવાએ દેશના આદિવાસી સમુદાયની માફી માગવા કોંગ્રેસ પાસે માંગ કરતાં આ મુજબ જણાવ્યું

**(બાઈટ : પ્રભુ વસાવા)**

# PM DELHI RALLY

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે રાજધાની દિલ્હીના ઝડપથી વિકાસ માટે ડબલ એન્જિનની સરકાર જરૂરી છે. શ્રીમોદીએ આજે નવી દિલ્હીના દ્વારકામાં એક જનસભા સંબોધતા કહ્યું કે ભાજપ સત્તામાં આવશે તો દિલ્હી માત્ર રાજધાનીઓ માટે જ નહીં પરંતુ ગ્રામીણ વિસ્તાર માટે પણ એક મોડલ બનશે. શ્રીમોદીએ યમુના નદીમાં પ્રદૂષણ પર આમઆદમી પાર્ટીના નિવેદનોની ટીકા કરતાં આરોપોને પાયાવિહોણા ગણાવ્યા.

**(બાઇટ: નરેન્દ્ર મોદી – પ્રધાનમંત્રી)**

# MAHAKUMBH-JUDICIAL COMMISSION

**અને હવે મહાકુંભ અંગેના સમાચાર ..**

(KUMBH MUSIC)

પ્રયાગરાજમાં મહાકુંભ ઘટનાના કારણોની તપાસ માટે રચાયેલા ન્યાયિક પંચે આજે સંગમ ઘાટની મુલાકાત લીધી અને ઘટનાના કારણો અને સંજોગોની તપાસ કરી હતી. પંચે મહાકુંભની વ્યવસ્થા અને સંચાલન સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે પણ બેઠક યોજી. બુધવારે મહાકુંભમાં બનેલી આ ઘટનામાં 30 લોકોના મૃત્યુ થયા હતા અને 60 લોકો ઘાયલ થયા હતા. આ પંચ એક મહિનામાં સરકારને પોતાનો અહેવાલ સુપરત કરશે. ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે કમિશન પગલાં પણ સૂચવશે. ત્રણ સભ્યોના આ કમિશનનું નેતૃત્વ અલ્હાબાદ વડી અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ હર્ષ કુમાર કરી રહ્યા છે.

(KUMBH MUSIC)

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગ અનુસાર, પશ્ચિમ હિમાલય ક્ષેત્રમાં આવતીકાલે વરસાદ અથવા હિમવર્ષાની શકયતા છે. આવતીકાલ સુધી પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં પણ હળવો વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં આગામી 2-3 દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળશે નહીં તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું.

# U19 CRICKET - T20 WORLD CUP

ICC અંડર-19 મહિલા T20 ક્રિકેટ વિશ્વકપમાં, કુઆલાલંપુરમાં રમાયેલી બીજી સેમિફાઇનલમાં ઇંગ્લેન્ડને 9 વિકેટથી હરાવીને ભારત ફાઇનલમાં પહોંચ્યું છે. ઇંગ્લેન્ડે આપેલા 114 રનના લક્ષ્યને 15 ઓવરમાં એક વિકેટ ગુમાવી હાંસલ કરી લીધું હતું. ભારત તરફથી જી ત્રિશાએ 29 બોલમાં 35 રન અને જી કમાલિનીએ અણનમ 56 રન કર્યા હતા. તો ભારતીય સ્પિનર પરુણિકા સિસોદિયા અને વૈષ્ણવી શર્માએ 3-3 વિકેટ લીધી. રવિવારે ફાઇનલમાં ભારત દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે.

# CRICKET - IND ENG T20

પૂણેનાં મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી ચોથી ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતનો નબળો પ્રારંભ થયો છે. ભારતીય ટીમે 11 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 79 રન કર્યા છે. કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને તિલક વર્મા શૂન્ય અને સંજુ સેમસન એક રનમાં આઉટ થઈ ગયા હતા, જ્યારે અભિષેક શર્માએ 29 રન કર્યા હતા.

અગાઉ ઇંગલેન્ડે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. પાંચ મેચોની શ્રેણીમાં ભારત 2-1ની સરસાઈ ધરાવે છે.